૨૦૧૮ ઓન્ટારીઓ ચૂંટણી માર્ગદર્શિકા

**અમે બનાવીએ મતદાન આસાન.**

મતદાન અંગે કોણ, ક્યારે, ક્યાં અને કેવી રીતે

Elections Ontario

ઓન્ટારીઓની ૪૨મી સામાન્ય ચૂંટણી **જૂન ૭, ૨૦૧૮**નાં રોજ રાખવામાં આવેલ છે.

આ માર્ગદર્શિકામાં ઓન્ટારીઓના મતદાન માટે કોણ, ક્યારે, ક્યાં અને કેવી રીતે અંગેની મહત્વની માહિતીનો સમાવેશ કરે છે: .

| | |
|---|---|
| મે ૯ | નિર્દેશ જારી કરાશે અને ઉમેદવાર નિયુક્તિ શરુ થશે |
| મે ૧૦ | વિશિષ્ટ મતપત્રક દ્વારા મતદાન કરવાની અરજી કરવાનો પ્રથમ દિવસ |
| મે ૧૭ | ઉમેદવાર નિયુક્તિ બપોરે ૨:૦૦ (પૂર્વસમય) વાગે સમાપ્ત |
| મે ૨૬ – જૂન ૬ | આપની પરત કચેરી (returning office) ઉપર સુલભ મતદાન |
| મે ૨૬ – મે ૩૦ | આગોતરું મતદાન સવારે ૧૦:૦૦ થી રાત્રે ૮:૦૦ (પૂર્વસમય) |
| મે ૨૯ | ઇ-રજીસ્ટ્રેશન દ્વારા મતદાન યાદીમાં સમાવિષ્ટ થવાનો છેલ્લો દિવસ |
| જૂન ૭ | ચૂંટણી દિવસ સવારે ૯:૦૦ થી રાત્રીના ૯:૦૦ (પૂર્વસમય) |

**કોણ મત આપી શકે?**

તમે મત આપવા માટે યોગ્ય છો જો તમે :

- ચૂંટણી દિવસ જન ૭,૨૦૧૮નાં રોજ કમસેકમ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોવ,
- કેનેડાનાં નાગરિક અને
- ઓન્ટારીઓનાં રહેવાસી હોવ.

**હું કોના માટે મત આપવાનો છું?**

તમે તમારા ચૂંટણીક્ષેત્રમાં નોધાયેલા ઉમેદવાર માટે કે જે ઓન્ટારીઓની કાયદાકીય વિધાનસભામાં પ્રાદેશિક લોકસભાનાં સદસ્ય(MPP) તરીકે તમારુંપ્રતિનિધિત્વ કરી શકે તેનાં માટે મતદાન કરી રહ્યાં છો. આમાં ૧૨૪ પ્રાદેશિક લોકસભાનાં સદસ્યો(MPPs) – રાજ્યનાં દરેક ચૂંટણીક્ષેત્ર માટે એક સદસ્ય છે.

જે રાજકીય પક્ષનાં સૌથી વધુ લોકસભાનાં સદસ્યો(MPP) ચૂંટાયેલા હોય તે પક્ષ રાજ્ય સરકારની રચના કરે છે.

ઓન્ટારીઓનો કાયદો તમને તમારું મતપત્રક નકારવાનો હક આપે છે. નકારાયેલ મતપત્રકો સત્તાવાર ગણતરીમાં લેવામાં આવશે.

**નવ શું છે?**
જો તમે ૧૬ કે ૧૭ વર્ષનાં હોવ, તો તમે હવે ઓન્ટારીઓનાં ભવિષ્યનાં મતદાર પત્રકમાં તમારો સમાવેશ **elections.on.ca** ઉપર કરી શકો છો.

એક વખત ઉમેરો થવાથી જયારે તમે ૧૮ વર્ષનાં થશો ત્યારે તમારી માહિતી આપોઆપ મતદાર યાદીમાં તબદીલ થઇ જશે.

આ સામાન્ય ચૂંટણીમાં મત આપવા માટે તમે જન ૭ ૨૦૧૮નાં રોજ કમસેકમ ૧૮ વર્ષનાં હોવા જોઈએ.

**મતદારની તપાસયાદી**

- તમે મત આપવા માટે નોધાયેલા છો તેની ચકાસણી **elections.on.ca** ઉપર કરી લેશો**.**
- તમારું મતદાર માહિતી પત્રક(VIC) ટપાલ દ્વારા મેળવી લેશો.
- તમારી પાસે યોગ્ય ઓળખપત્રક હોય તે તપાસી લેવું.
- તમારા હક્કો, મુદ્દાઓ અને ઉમેદવારો વિષે જાણો
- તમે ક્યાં,કયારે અને કેવી રીતે મત આપવા માંગો છો તે પસંદ કરો.
- તમે કેવી રીતે મતદાન મથક ઉપર જશો તેનું આયોજન કરો. તમે જયારે મત આપવા જાઓ ત્યારે તમારું ઓળખપત્રક અને મતદાર માહિતી પત્રક(VIC) યાદ રાખીને લઇ જશો.

**<મતદાર માહિતી પત્રક>**

**તમે મતદાર યાદીમાં છો?**
જયારે મત આપવા જાઓ ત્યારે તમારું મતદાર માહિતી પત્રક(VIC) અને ઓળખપત્રક લઇ જવું.


VOTER INFORMATION CARD
CARTE D'INFORMATION DE L'ÉLECTEUR

**Election day / Jour du scrutin :**
June 7, 2018 from 9 a.m. to 9 p.m. (ET)
Le 7 juin 2018, de 9 h à 21 h (HE)

**You vote at / Où voter :**
EVERGREEN DISTRICT SS *
75 NEPTUNE ST
OVERTHERE, ON

**Electoral district / Circonscription électorale :**
LEEDS—GRENVILLE—THOUSAND ISLANDS AND RIDEAU LAKES / LEEDS—GRENVILLE—THOUSAND ISLANDS ET RIDEAU LAKES

**Poll / Bureau de vote :** 247A

**Your address / Votre adresse :**
10-123 MAIN ST SE
OVERTHERE ON 030 303
LINE 3 ADDRESS IF NEEDED

Elections Ontario

If Undeliverable Return To:
Return Address
City ON E0E 0E0

CANADA POST / POSTES CANADA
Postage paid / Port payé
Lettermail / Poste-lettres

859-3956-20011-559312

ELECTIONS.ON.CA

**You are registered / Vous êtes inscrit / inscrite**

DAVID EADES
175 BLOOR STREET EAST
TORONTO ON M4W 3R9

**હું ક્યારે મતદાન કરી શકું?**

ચૂંટણી દિવસ **જૂન ૭,૨૦૧૮** છે. મતદાનનો સમય સવારે ૯:૦૦ થી રાત્રે ૯:૦૦ (પૂર્વસમય) સુધીનો છે

તમે આ રીતે પણ મતદાન કરી શકો છો:

- મે ૧૦ થી જન ૬ દરમિયાન તમારી પરત કચેરી ઉપર જાતે જઈને,
- મે ૨૬ થી જન ૬ દરમિયાન સહાયક મતદાન પ્રક્રિયાપધ્ધતિ દ્વારા તમારી પરત કચેરી ઉપર જાતે જઈને,
- મે ૨૬ થી મે ૩૦ દરમિયાન સવારે ૧૦:૦૦ થી રાત્રે ૮:૦૦ (પૂર્વસમય)માં આગોતરા મતદાનમાં જાતે જઈને, અથવા
- મે ૧૦,૨૦૧૮થી ટપાલ દ્વારા શરુ થશે. તમારું અંકિત કરેલ મતપત્રક ઓન્ટારીઓની ચૂંટણીની વડી કચેરીને ચૂંટણી દિવસ જન ૭,૨૦૧૮ના રોજ સાંજે ૬:૦૦થી મોડું નહિ તેમ મળી જવું જોઈએ. તમે નીચે મુજબ અરજીપત્રક મેળવી શકો છો:

  **elections.on.ca**
  **sb@elections.on.ca**
  *તમારી પરત કચેરી ઉપર*
  ૧-૮૫૫-૫૨૩-૫૯૩૨(નિ:શુલ્ક)
  ૧-૪૧૬-૬૪૯-૧૦૪૬(એકત્રિત)
  ૧-૮૮૮-૨૯૨-૨૩૧૨(ટીટીવાઈ નિ:શુલ્ક )

**યાદ રાખો**

તમારું મતપત્રક ઝડપી મેળવવા મતદાર માહિતી પત્રક અને ઓળખપત્રક લઇ જવું.

**હું ક્યાં મતદાન કરી શકું?**
જો તમે મે ૨૯, ૨૦૧૮ સુધીમા મતદાન કરવા માટે નોંધાયેલા હશો તો તમને તમારું મતદાન માહિતી પત્રક (VIC) ટપાલ દ્વારા ચૂંટણીનાં દિવસ પહેલા મળી જશે. VICમાં ક્યારે અને ક્યાં મતદાન માટે જવું તેની માહિતી આપી હશે. તમે તમારું મતદાન મથક **elections.on.ca** ઉપર પણ જોઈ શકો છો.

**વિદ્યાર્થીઓનું મતદાન**
જો તમે દુર શાળા ઉપર હોવ તો, તમે જે વિસ્તારમાં કાયમી ધોરણે રહેતા હોય તેના ચૂંટણી વિસ્તાર કે હંગામી ધોરણે શાળામાં હાજર રહેવા માટે રહેતા હોય તેના ચૂંટણી વિસ્તારની પસંદગી મતદાન કરવા માટે કરી શકો છો. મતદાન કરવા માટે, તમારી પાસે ઓળખપત્રક કે જેમાં તમારું નામ અને સરનામું પ્રદર્શિત થતું હોય, તે હોવું જરૂરી છે.

**હોસ્પિટલ મતદાન**
જો તમે ભાગ લઇ રહેલ હોસ્પિટલમાં સારવાર માટે રોકાયેલાં હોવ તો તમે મે ૨૧ થી મે ૨૩ મે દરમિયાન મતદાન કરી શકશો. તમારી પરત કચેરી ઉપર તેની ચકાસણી કરી લેશો.

**નવું શું છે?**
ઓન્ટરીઓની ૨૦૧૮ની સામાન્ય ચૂંટણીમાં, ચૂંટણી વિસ્તારો વધીને ૧૨૪ થયા છે. તેનો મતલબ છે કે હવે તમારે કદાચ નવા ચૂંટણી વિસ્તારમાં મતદાન કરવાનું હોઈ શકે છે.
તમારું મતદાન સ્થળ **elections.on.ca.** ઉપર શોધો.

**હું કેવી રીતે મતદાન માટે નોંધણી કરાવી શકું?**
જો તમને તમારું મતદાર માહિતી પત્રક(VIC) નથી મળ્યું તો કદાચ તમારું નામ મતદાર યાદીમાં નથી.

તમારું VIC મેળવવા, તમારું નામ મતદાર યાદીમાં **elections.on.ca** ઉપર **મે ૨૯, ૨૦૧૮** સુધીમાં ઉમેરો. તમે તમારી માહિતી તમારી પરત કચેરી ઉપર આગોતરા મતદાન મથક અથવા ચૂંટણીનાં દિવસે અપડેટ કરી શકો છો.

તમારું નામ મતદાર યાદીમાં ઉમેરવા માટે તમારું એક ઓળખપત્ર કે જેમાં તમારું નામ અને સરનામું હોય તેની જરૂર પડશે.

elections.on.ca ઉપર માન્ય ઓળખપત્રોની યાદી ચકાશો.

**નવું શું છે?**
અમારા નવા ઈ-રજીસ્ટ્રેશન સાધન તમારી માહિતી મતદાર યાદીમાં સુનિશ્ચિત કરવા, અપડેટ કરવા અથવા ઉમેરવાનું સુલભ બનાવે છે.

ચૂંટણીના દિવસે મતદાન સરળ બનાવવા મે ૨૯, ૨૦૧૮ સુધીમાં **elections.on.ca**ની મુલાકાત લો.

**જો મારે મતદાન કરવા માટે કોઈ મદદની જરૂર હોય તો શું કરવું?**
તમારા મતદાન મથકની પ્રવેશયોગ્યતા વિષે જાણકારી મેળવવા **elections.on.ca**ની મુલાકાત લો.

સહાયક પ્રાણીઓને સાથે રાખવાનું મંજુર કરેલ છે.

તમે તમારા પરિવારનાં સદસ્ય, મિત્ર અથવા સહાયક વ્યકિતને સાથે લાવી શકો છો અથવા મતદાન મથકનાં કાર્યકર્તાને મત આપવાની મદદ માટે પૂછી શકો છો. તમને બંનેને મદદ જરૂરી છે અને તમારો મત ગુપ્ત રહેશે તેવું જાહેર કરવા માટે કહેવામાં આવી શકે છે.

તમને અન્ય સાધનો અને સેવાઓ પણ મળી શકે છે, જેવી કે :

- ૩૦થી વધુ ભાષાઓમાં મતદાન માહિતી,
- બૃહદદર્શક પત્રો (મેગ્નીફાઈંગ શીટસ/magnifying sheets),
- અંધલીપીમાં તમારા મતપત્રકનો નમુનો,
- મે ૨૬ થી જન ૬ દરમિયાન તમારી પરત કચેરી ઉપર સહાયક મતદાન પ્રક્રિયાપધ્ધતિ, અથવા
- ઈશારાની ભાષા જાણનાર દુભાષિયા અથવા મધ્યસ્થીને અવેજ ચુકવણીની ભરપાઈ.

જો તમારી અસમર્થતા તમારી ગતિશીલતાને અસર કરતી હોય તો કૃપા કરીને તમારી પરત કચેરીનો સંપર્ક કરો.

**નવું શું છે?**
હવે તમે તમારા મોબાઈલ ફોનનો સહાયક યંત્ર તરીકે ઉપયોગ કરી શકો છો.

જોકે, તમે તેનો ઉપયોગ પૂર્ણ થયેલ મતપત્રકનું ચિત્ર કે વીડીયો લેવામાં કે share કરવા માટે કરી શકશો નહિ.

અમારો સંપર્ક કરો:
વેબસાઈટ : **elections.on.ca**
ફોન: ૧-૮૮૮-૬૬૮-૮૬૮૩
ટીટીવાઈ: ૧-૮૮૮-૨૯૨-૨૩૧૨
ઈમેલ: info@elections.on.ca

ટ્વીટર **@ElectionsON**

ફેસબુક **ElectionsON**
ઇનસ્ટાગ્રામ **@electionson**
યુટ્યુબ **ElectionsOn**

આ પુસ્તિકાની માહિતી સુલભ શૈલીમાં મેળવવા માટે, કૃપા કરીને elections.on.caની મુલાકાત લો અથવા ૧-૮૮૮—૬૬૮-૮૬૮૩ અથવા ૧-૮૮૮-૨૯૨-૨૩૧૨(ટીટીવાઈ) ઉપર ફોન કરો.

**હું ચૂંટણી દરમિયાન કેવી રીતે કામ કરી શકું?**
ચૂંટણી માટે ઓન્ટારીઓ ચૂંટણી મતદાન મથક કાર્યકર્તાઓ શોધી રહ્યું છે. મોટાભાગની જગ્યાઓ માટે અરજી કરવા માટે તમે કમસેકમ ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતા હોવા જોઈએ અને કેટલીક જગ્યાઓ ૧૬ વર્ષનાંઓ માટે પણ ખુલ્લી છે. માહિતી માટે **elections.on.ca**ની મુલાકાત લો.